પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૧૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૨-૦૫-૨૦૨૨ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ગુજરાત ગૌરવ દિવસની ધામધૂમથી ઉજવણી

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પાટણ જિલ્લાના નાગરિકોને રૂપિયા ૩૬૯ કરોડના ૪૨૯ વિકાસ કામોની ભેટ

પાટણ,

રાષ્ટ્રીય પર્વો રાજ્યના પાટનગરમાં ઉજવવાના બદલે જૂદા જૂદા જિલ્લા મથકે ઉજવવાની પરંપરા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરુ કરી હતી. એ શ્રુંખલાના ભાગ રૂપે રાજ્યના ઉત્તર ગુજરાતના મહત્વના એવા પાટણ જિલ્લામાં આજે ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ગૌરવ દિવસે રાજ્ય સરકારના કર્મચારીઓ તથા નિવૃત કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે રાજ્ય સરકારના કર્મચારીઓ-પેન્શનર્સને મળતા મોંઘવારી ભથ્થામાં તા૦૧-૦૭-૨૦૨૧થી ૩ ટકાનો વધારો કરાયો છે. સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓ-પેન્શનર્સ મળી ૯.૩૮ લાખ લોકોને આ લાભ મળશે. તા ૦૧-૦૭-૨૦૨૧થી મળવાપાત્ર થતો મોંઘવારી ભથ્થાનો દસ મહિનાનો તફાવત બે હપ્તામાં ચૂકવાશે, પ્રથમ હપ્તો મે-૨૦૨૨



અને બીજો હપ્તો જૂન-૨૦૨૨ના પગાર સાથે અપાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પાટણ જિલ્લાના નાગરિકોને રૂપિયા ૩૬૯ કરોડના ૪૨૯ વિકાસ કામોની ભેટ મળી છે.આ કામોમાં પાટણના નાગરિકોને રૂપિયા ૨૬૪ કરોડના પાણી કામોનો પણ સમાવેશ થાય છે. યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સરસ્વતી તાલુકા કચેરી સામે ૧૧૦ કરોડનાં ખર્ચે નિર્માણ થયેલા આધુનિક રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમ, ડાયનાસોર ગેલેરી અને પાટણ ખાતે રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે 'રિજિયોનલ સાયન્સ સેન્ટર'નું લોકાર્પણ કરાયું છે.

મુખ્યમંત્રીના હસ્તે વિકાસ કામોના ખાતમુર્હુત અને લોકાર્પણથી જિલ્લાના અનેક ગામોના ૩.૨૨ લાખથી વધુ લોકોને સીધો લાભ મળશે. વિકાસની આ હેલીમાં પંચાયત વિભાગના સીસી રોડ, પીવાની પાઈપ લાઈન, પેવર બ્લોક સહિત ૧૬૨ કામો રૂ ૨૨૬.૩૧ લાખના ખર્ચે નિર્માણ પામનાર છે. જેનાથી ૧૪૪ ગામોની ૨૮૦૧૯ લોકોને ફાયદો થનાર છે. દેલવાડા અને નાગવાસણા ખાતે રૂ ૫૦ લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્રના ખાતમુર્હુતથી આરોગ્ય વિભાગના ૦૨ કામોમાં ૦૨ ગામની ૧૦હજાર વસ્તીને આરોગ્યની સેવાઓના લાભ મળનાર છે. રૂ ૬૪૫૦ લાખના ખર્ચે માર્ગ અને મકાન વિભાગના ૦૬ કામો જેમાં ૩૯ ગામોની ૧ લાખ ૩૨ હજાર ૩૫૧ની વસ્તીને રસ્તાઓ સહિતની પ્રાથમિક સુવિધાઓ મળનાર છે.

પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના ૦૩ કામો ૨૬,૪૩૫.૯૫ લાખના ખર્ચે તૈયાર થનાર છે. જેનાથી ૦૧ ગામની ૧૪૭૬ પાટણવાસીઓ લાભ લઈ શકનાર છે. બાલીસણા, અજા અને ભાટસણ ખાતે આંગણવાડી કેન્દ્રોનું નિર્માણ થનાર છે. મહિલા અને બાળ વિકાસના રૂ ૨૧ લાખના ખર્ચે ૦૩ કામોના આંગણવાડી મકાનોના ખાતમુર્હુત થનાર છે. જેનાથી ૦૩ ગામોની ૩૭૯ બાળકને પોષ્ટીક આહાર મળી રહેશે સિધ્ધપુર નગરપાલિકા દ્વારા રૂ ૯૬ લાખના ખર્ચે ૦૧ કામનું ખાતમુર્હુત થનાર છે જેનાથી ૨૦૫૦ સિધ્ધપુરવાસીઓને ફાયદો થનાર છે.

આ કામોમાં ગૃહ વિભાગના ૦૩ કામો અંતર્ગત પોલીસ અધિકારીઓ અને કર્મયોગીઓના રહેણાંક, પંચાયત વિભાગના સીસીરોડ પેવર બ્લોક, ગટર લાઈન સહિત ગ્રામ સુવિધાના કામો, રૂ ૫૦ લાખના ખર્ચે સમોડા અને મીઠા ધરવા ખાતે તૈયાર થયેલા પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ, ઓરૂમાણા, ગોલીવાડા અને નાંદોત્રી ખાતે સરકારી શાળાના મકાનનું લોકાર્પણ, રાધનપુર, સમી, પાટણ અને સરસ્વતી તાલુકાની ૨૬ આંગણવાડીના મકાનોનું લોકાર્પણ, મહિલા અને બાળ વિકાસ વિભાગના ૨૬ કામો, જળ જીવન મિશન, નલ સે જલ યોજના અંતર્ગત કામના લોકાર્પણ, સિધ્ધપુર નગરપાલિકાનું કામ, પાટણ નગરપાલિકાનું ૦૧ કામ,વાગડોદ અને ધરમોડા ખાતે નવી અધતન આઈ.ટી.આઈ મકાન, શ્રમ અને રોજગાર વિભાગના ૦૨ કામો, ગ્રામ વિકાસ વિભાગની મનરેગા યોજનાના ૨૫ કામો ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦૦ આવાસોનું લોકાર્પણોનો સમાવેશ થાય છે.

## ગુજરાતના સ્થાપના દિવસ નિમિત્તે મોદીએ શુભેચ્છા પાઠવી

મુંબઈમાંથી ગુજરાત રાજ્ય અલગ કરવાની મુહિમ ૮ ઓગષ્ટ ૧૯૫૬ના રોજ છેડાઈ હતી,ગુજરાતનો પાયો નાંખનાર મહાગુજરાત ચળવળના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિક હતા,તેમના અસરકારક આંદોલનના લીધે ગુજરાત રાજ્યને અલગ દરજ્જો મળ્યો.

૧ મે ૧૯૬૧ના રોજ ગુજરાતી ભાષી રાજ્ય ગુજરાતની સ્થાપના થઈ હતી. તે વખતે ગુજરાતના પહેલા મુખ્યમંત્રી ડો.જીવરાજ મહેતા બન્યા હતા. તમને જાણીને નવાઈ લાગશે પરંતુ સત્ય છે કે, તેમને લીમડાના ઝાડ નીચે ગુજરાતના પ્રથમ પ્રધાનમંડળે શપથ લીધા હતા. સાબરમતી આશ્રમમાં શપથ સમારોહનું આયોજન થયુ હતુ.આજે ગુજરાત ગૌરવ દિવસની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી આજના દિવસે વિવિધ ક્ષેત્રોમાં ખ્યાતનામ વ્યક્તિઓનું ગુજરાત સરકાર દ્વારા સન્માન કરવામાં આવ્યા હતાં જેના ભાગરૂપે ૬૦ શ્રેષ્ઠીઓને 'ગુજરાત ગૌરવ રત્ન એવોર્ડ' આપવામાં આવ્યા હતાં

વડાપ્રધાન મોદીએ ટ્વીટર પર ગુજરાતીઓને રાજ્યના સ્થાપના દિવસની શુભેચ્છાએ આપી હતી. શુભેચ્છા આપતા મોદીએ જણાવ્યું હતું કે 'ગુજરાત દિવસની શુભકામનાઓ ગુજરાતીઓ સાહસ, સંશોધન અને વ્યાપારી કુશળાતા માટે જાણીતા છે. રાજ્ય કિર્તીની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા. જય જય ગરવી ગુજરાત.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પણ ટ્વીટર પર ગુજરાતના લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમને ટ્વિટ કર્યું કે, ગુજરાતના તમામ નાગરિકોનું ગુજરાત સ્થાપના દિવસે હૃદયપુર્વક અભિવાદન કરું છું..!! આવનારા વર્ષોમાં પણ અવિરત પ્રગતિ અને સમૃદ્ધિ સાથે રાજ્ય ઉત્તરોઉત્તર સફળતા પ્રાપ્ત કરે એવી મનોકામના સાથે ખુબ ખુબ શુભેચ્છાઓ !

# ગુજરાતમાં વહેલી ચૂંટણીના એંધાણ, દિલ્હીમાં વડાપ્રધાન મોદી સાથે મુખ્યમંત્રીની બેઠક યોજાઇ

ગાંધીનગર,

દિલ્હીમાં વડાપ્રધાનના નિવાસસ્થાને પ્રદેશ ભાજપના નેતાઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભૂપેન્દ્ર પટેલની સાથે અનેક નેતાઓ હાજર હતા. આ બેઠકને ગુજરાત વિધાનસભાની ચૂંટણી સાથે જોડવામાં આવી રહી છે.પીએમ નિવાસસ્થાને ચાલેલી આશરે ત્રણ કલાક લાંબી મિટિંગમાં આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ, કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, ગુજરાતના મુખ્ય સચિવ કૈલાશ નાથન હાજર છે. આ બેઠકમાં દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે ઝાટકણી કાઢી છે. તેમણે ટ્વીટ કર્યું, ''ભાજપ આવતા અઠવાડિયે ગુજરાત વિધાનસભા ભંગ કરીને ગુજરાત ચૂંટણીની જાહેરાત કરશે? આટલો ડર ''આપ'' થી?



આ બેઠકને ગુજરાત વિધાનસભાની ચૂંટણી સાથે જોડવામાં આવી રહી છે. આગામી ચૂંટણીને લઈને ભાજપના મોટા નેતાઓ મિશન મોડમાં આવી ગયા છે. ગુજરાતમાં આ વર્ષના અંત સુધીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. પરંતુ હવે ચૂંટણી વહેલી યોજાય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. તમામ પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. તાજેતરમાં ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા પણ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા.

આ ચૂંટણીમાં ભાજપની નજર આદિવાસી મતો પર છે. જેના કારણે ભુપેન્દ્ર પટેલ સરકારને મંત્રી બનાવવાથી લઈને આદિવાસી સંમેલનમાં કોંગ્રેસના આદિવાસી ધારાસભ્યોને જોડવા સુધીની હોડ ચાલી રહી છે. ભાજપની આદિવાસી વોટબેંકને આકર્ષવા માટે ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકારમાં આદિવાસી સમાજના ચાર નેતાઓને મંત્રી બનાવવામાં આવ્યા છે. આ સાથે પીએમ મોદીએ દાહોદમાં આદિવાસીઓની ખેતી કરવા માટે આદિવાસી સંમેલન પણ યોજ્યું છે.

ગુજરાત ચૂંટણીને લઈને આપ અને બીટીપી વચ્ચે ગઠબંધન થયું છે.બીટીપીના રાષ્ટ્રીય અધ્યક્ષ મહેશ વસાવા અને આમ આદમી પાર્ટીના ગુજરાત કન્વીનર ગોપાલ ઈટાલિયાએ ગઠબંધનની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે બીટીપીના સ્થાપક અને ધારાસભ્ય છોટુભાઈ વસાવાએ દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને મળ્યા બાદ ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. ગુજરાતમાં આદિવાસી વોટ બેંકને ટેપ કરવા માટે આમ આદમી પાર્ટીએ આદિવાસી સમુદાયમાં પકડ ધરાવતા બીટીપી સાથે હાથ મિલાવ્યા છે.

બીટીપીના ગુજરાતમાં બે અને રાજસ્થાનમાં ત્રણ ધારાસભ્યો છે. છેલ્લી ચૂંટણીમાં,બીટીપી કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડી હતી, જેનો રાજકીય લાભ આદિવાસી પટ્ટામાં બંને પક્ષોને મળ્યો હતો. રાજસ્થાનના ઉદયપુર, ડુંગરપુરના વિસ્તારોમાં બીટીપીની મજબૂત પકડ છે, જ્યારે ગુજરાતના બાંસવાડા, બનાસકાંઠા, અંબાજી, દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા જિલ્લામાં સારી રીતે પ્રવેશ છે.

# આગામી બે ત્રણ દિવસ સુધી ગરમીમાંથી રાહત મળશે નહીં : ૬ રાજ્યો માટે ઓરેન્જ એલર્ટ

નવીદિલ્હી,

ભારતીય હવામાન વિભાગ અનુસાર, ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતમાં આગામી બે ત્રણ દિવસ સુધી પૂર્વ ભારતમાં હીટવેવ ચાલુ રહેવાની આગાહી આપવામાં આવી હતી. જ્યારે પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. આવા સમયે રાજસ્થાન, દિલ્હી, પંજાબ અને હરિયાણામાં આગામી ૪ મે વચ્ચે વરસાદની સંભાવના છે. એપ્રીલમાં ગરમીએ રેકોર્ડ તોડ્યો હતો. શુક્રવારના રોજ ૪૦.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ૭૨ વર્ષમાં બીજા ક્રમે હતું. આગામી થોડા દિવસો સુધી ગરમીમાંથી રાહત મળવાની કોઈ આશા નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પશ્ચિમ મધ્યપ્રદેશ, વિદર્ભ, જમ્મુ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર



પ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને આંતરિક ભાગોમાં ગરમીની લહેર આવવાની સંભાવના છે.

દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારત કાળઝાળ ગરમી અને કાળઝાળ ગરમીના કારણે ઉકળી રહ્યું છે.આઈએમડીના વરિષ્ઠ વૈજ્ઞાનિક આરકે જેનામાનીએ કહ્યું કે આગામી બે દિવસ બાદ રાજસ્થાન, દિલ્હી, પંજાબ અને હરિયાણામાં વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. જેના કારણે તાપમાન ૩૬ અને ૩૯ ડિગ્રી સેલ્સિયસ સુધી નીચે આવવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૪ મેના રોજ આંદામાન સમુદ્રમાં ચક્રવાત સર્જાશે. જે બાદ ૫ મેના રોજ લો પ્રેશરનું ક્ષેત્ર બનશે અને તેની અસરને કારણે તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના છે. હીટ વેવથી ૧૯ વર્ષમાં એક લાખ ૬૬ હજાર લોકોના મોત ૧૯૯૮ થી ૨૦૧૭ ની વચ્ચે હીટવેવ્સને કારણે ૧૬૬,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે.

એક અભ્યાસ અહેવાલ મુજબ તાજેતરના દાયકાઓમાં વિશ્વભરમાં વધુ તીવ્ર અને વારંવાર હીટવેવથી મૃત્યુઆંક વધ્યો છે. ૧૯૭૦ અને ૨૦૧૨ ની વચ્ચે, આબોહવા-સંબંધિત આફતો યુરોપમાં કુલ મૃત્યુના ૮૫ ટકા માટે જવાબદાર હતી. હીટવેવ અને દુષ્કાળ મૃત્યુઆંકમાં વધારો કરી રહ્યા છે અને વિશ્વભરના લોકોને નુકસાન પહોંચાડી રહ્યા છે. ઉદાહરણ તરીકે, ૨૦૦૩માં યુરોપીયન હીટવેવ્સથી સંબંધિત મૃત્યુની સંખ્યા ૭૦,૦૦૦ થી વધુ સુધી પહોંચી હતી, પરંતુ તાજેતરમાં હીટવેવ્સને કારણે મૃત્યુદરમાં નોંધપાત્ર વધારો થયો છે.

ડો. રમેશે જણાવ્યું કે, આપણે પૂર્વ-ઔદ્યોગિક યુગથી ૧.૨ ડિગ્રી સેલ્સિયસ વોર્મિંગનું સ્તર પહેલેથી જ પાર કરી ચુક્યા છીએ માટે વાતાવરણમાં પલટો આવવાનો જ હતો પરંતુ આ પરિવર્તન આટલા ઝડપથી આવશે તેનો કોઈ અંદાજો નહોતો. ભારત એવા કેટલાક દેશોમાં સામેલ છે જેમાં આ વર્ષે આટલી ભારે ગરમીએ જોર પકડ્યું છે. એપ્રિલમાં સરેરાશ માસિક તાપમાન આશરે ૩૦ ડિગ્રી સેલ્સિયસ રહ્યું પરંતુ આપણે જે વિસંગતતાઓ જોઈ રહ્યા છીએ તે આનાથી ઘણી વધારે છે.

## મુખ્યમંત્રીએ કર્મચારીઓ અને પેન્શર્સને આકર્ષક ભેટ આપી

# કર્મચારીઓ-પેન્શનર્સને મળતા મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો આપવાની જાહેરાત

ગાંધીનગર,

ગુજરાત સ્થાપના દિવસે ગુજરાત અને દરેક ગુજરાતી માટે વિશેષ ખુશી અને ઉજવણીનો દિવસ હતો. ત્યારે ગુજરાત સરકારના કર્મચારીઓ તેમજ પેન્શનરો માટે આજના દિવસની ખુશી બમણી થઈ ગઈ છે. કારણકે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓ-પેન્શનર્સને મળતા



મોંઘવારી ભથ્થામાં તા-૦૧-૦૭-૨૦૨૧થી ૩ ટકાનો વધારો આપવાની જાહેરાત કરી છે. જાણે ગુજરાત દિવસની ભેટ આપી હોય એવું લાગે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ગૌરવ દિવસે રાજ્ય સરકારના કર્મચારીઓ તથા નિવૃત કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. જેમાં સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓ-પેન્શનર્સ મળી ૯.૩૮ લાખ લોકોને આ લાભ મળશે. તા-૦૧-૦૭-૨૦૨૧થી મળવાપાત્ર થતો મોંઘવારી ભથ્થાનો દસ મહિનાનો તફાવત બે હપ્તામાં ચૂકવાશે: પ્રથમ હપ્તો મે-૨૦૨૨ અને બીજો હપ્તો જૂન-૨૦૨૨ના પગાર સાથે અપાશે. ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કેન્દ્ર સરકારના ધોરણે ત્રણ ટકાનો વધારો તા-૦૧-૦૭-૨૦૨૧ની અસરથી આપવાનો કર્મયોગી-હિતકારી નિર્ણય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો છે. આ વધારાનો લાભ જે કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ અપાયેલો છે, તેમને જ મળવાપાત્ર થશે તેવું પણ નિયત કરવામાં આવ્યું છે.

સરકારના આ નિર્ણય અનુસાર રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા રાજ્ય સરકારના અન્ય કર્મચારીઓ અને પેન્શનર્સ મળી કુલ ૯.૩૮ લાખ લોકોને મોંઘવારી ભથ્થાનો આ વધારાનો લાભ મળશે. સીએમ ભૂપેન્દ્ર પટેલે તા-૦૧-૦૭-૨૦૨૧ની અસરથી આપવાના થતા મોંઘવારી ભથ્થામાં આ ૩ ટકા વધારાથી જે દસ મહિનાની એરિયર્સની રકમ આપવાની થાય છે, તે બે હપ્તામાં આપવાનો નિર્ણય કર્યો છે તદઅનુસાર પ્રથમ હપ્તો મે-૨૦૨૨ના પગાર સાથે અને બીજો હપ્તો જૂન-૨૦૨૨ના પગાર સાથે ચૂકવવામાં આવશે. મોંઘવારી ભથ્થાના આ વધારાના પરિણામે રાજ્ય સરકારને વાર્ષિક રૂપિયા ૧૨૧૭.૪૪ કરોડનું નાણાકીય ભારણ વધશે.

# PMOના આદેશ પર આસામ પોલીસે મારી ધરપકડ કરી હતી : જીગ્નેશ મેવાણી

બારપેટ,

ગુજરાતના અપક્ષ વિધાનસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન કાર્યાલયના નિર્દેશોને પગલે આસામ પોલીસે તેમની ધરપકડ કરી છે. શુક્રવારે આસામના બારપેટામાં જિલ્લા સત્ર અદાલતે તેમને જામીન આપ્યા હતા. ગુવાહાટીમાં આસામ કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા ભવ્ય સ્વાગતને સંબોધતા મેવાણીએ જણાવ્યું હતું કે પીએમઓની સૂચનાને પગલે આસામ પોલીસ તેમની ધરપકડ કરવા ગુજરાત આવી હતી. શાંતિ અને સંવાદિતા જાળવવા વિનંતી. મેવાણી રાષ્ટ્રીય દલિત અધિકાર મંચના કન્વીનર પણ છે. ''મને આસામ લાવ્યા પછી અને કોકરાઝાર કોર્ટમાંથી જામીન મળ્યા પછી, આસામ પોલીસે ફરી કાયરતાપૂર્વક એક મહિલા પોલીસ અધિકારીને બલિનો બકરો બનાવીને મારી



ધરપકડ કરી,'' તેણે કહ્યું. ગુજરાતના ધારાસભ્યની ધરપકડ કરવાથી આસામના બેરોજગારી, વીજળી, ખેડૂતો અને અન્ય પછાત લોકોની સમસ્યાઓ હલ નહીં થાય. આસામના લોકોએ આ અનુભવવું જોઈએ. તેણે કહ્યું, 'તે મારી વિરુદ્ધ એક ષડયંત્ર હતું. મારા ટ્વીટનો અર્થ પીએમ મોદીને કોમી અથડામણ બાદ ગુજરાતમાં શાંતિ અને સૌહાર્દની અપીલ કરવાનો હતો. શરમજનક બાબત છે કે એક મહિલા પોલીસ અધિકારીને સાધન તરીકે સામે રાખવામાં આવી અને બીજી વખત મારી સામે એફઆઈઆર નોંધવામાં આવી. હું ભાજપ અને આસામ સરકારને કહેવા માંગુ છું કે તેઓ ક્યારેય મારા આત્માને કચડી શકશે નહીં. મારા પર ગમે તેટલા કેસ દાખલ કરવામાં આવે, પરંતુ હું મારા સ્ટેન્ડથી એક ઈંચ પણ પાછળ નહીં હટું.

# તેલ કંપનીઓએ LPG ગેસની કિંમતમાં ૧૦૨.૫૦ રૂપિયાનો વધારો કર્યો

નવીદિલ્હી,

મે મહિનાના પ્રથમ દિવસે સામાન્ય જનતાને ફરી એકવાર મોંઘવારીનો આંચકો લાગ્યો છે. તેલ કંપનીઓએ એલપીજી ગેસની કિંમતમાં ૧૦૨.૫૦ રૂપિયાનો વધારો કર્યો છે. ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડર પર આ કિંમતોમાં વધારો કરવામાં આવ્યો છે. કિંમતમાં વધારો કર્યા બાદ હવે આ સિલિન્ડરની કિંમત ૨૩૫૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે, જે પહેલા ૨૨૫૩ રૂપિયા હતી.

તે જ સમયે, ૫ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત હાલમાં ૬૫૫ છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા પહેલી એપ્રિલે એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. હકીકતમાં, મોટાભાગના કોમર્શિયલ સિલિન્ડરોનો ઉપયોગ રેસ્ટોરન્ટ અને કન્ફેક્શનર્સ દ્વારા કરવામાં આવે છે. રૂ. ૧૦૨.૫૦ નો વધારો દેખીતી રીતે તેમનું માસિક બજેટ બગાડશે. આગામી મહિનાઓમાં, લગ્નનો યુગ શરૂ થવા જઈ રહ્યો છે જેમાં આ સિલિન્ડરોની ખાસ જરૂર છે. જેના કારણે કેટરિંગ સર્વિસ લોકો પણ પોતાની કિંમતમાં વધારો કરી શકે છે.

દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો થયા બાદ તે વધીને ૨૩૫૫.૫૦ થઈ ગયો છે.

કોલકાતામાં તેની કિંમત વધીને ૨૪૫૫ થઈ ગઈ છે.

હવે મુંબઈમાં ૨૩૦૭ રૂપિયાનું સિલિન્ડર મળશે.

ચેન્નાઈમાં તેની કિંમત ૨૫૦૮ રૂપિયા થઈ ગઈ છે.

# આસામમાં ૨૦ કરોડના હેરોઈન અને અફિણના જથ્થા સાથે એક પકડાયો

ગોવાહાટી,

આસામની પોલીસે ૨૦ કરોડના હેરોઈન અને અફિણના જથ્થા સાથે એક રાજસ્થાની ડ્રાઈવરની ધરપકડ કરી હતી. આ ડ્રાઈવર ત્રણ કિલો હેરોઈન અને ૮૫ કિલો અફિણ ભરીને મણિપુરથી રાજસ્થાન જતો હતો.

આસામ પોલીસના જણાવ્યા પ્રમાણે મણિપુરથી નીકળેલો ટ્રક રાજસ્થાન માટે રવાના થયો હતો. ટ્રકમાં તેલના ટેક્કર હતા, પરંતુ એમાં ત્રણ કિલો હેરોઈન અને ૮૫ કિલો અફિણનો જથ્થો હતો. મણિપુરથી રાજસ્થાન જતાં ટ્રકને આસામની પોલીસે આસામ-પશ્ચિમબંગાળની સીમા પાસે રોક્યો હતો અને તેનું ચેકિંગ કર્યું હતું. તપાસ દરમિયાન પોલીસને હેરોઈન અને અફિણનો જથ્થો મળી આવ્યો હતો. એ દરમિયાન ડ્રગ્સ દલાલે ભાગવાની કોશિશ કરી હતી. પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, જેને તેને ગોળી વાગી હતી. ઈજા પામેલા આરોપીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસના કહેવા પ્રમાણે એ ડ્રગ્સ દલાલે પોલીસ અધિકારીની રિવોલ્વર ખેંચીને હવામાં ફાયરિંગ કર્યું હતું. એ પછી પોલીસે વળતી કાર્યવાહી કરી હતી. પોલીસે દાવો કર્યો હતો કે કેટલાક લોકોએ ટ્રકને સળગાવી દેવાની કોશિશ કરી હતી, પરંતુ એ પહેલાં ડ્રગ્સનો જથ્થો બીજા વ્હિકલમાં ખસેડી લેવાયો હતો. ડ્રગ સ્મલગરના સ્થાનિક સહાયકોએ આ પ્રવૃત્તિ કરી હોવાની શક્યતા છે, તેની ઓળખની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

**શહેરા નગરપાલિકા**

**જાહેર નિવિદા**

**ટેન્ડર નોટીસ નં.૧૮, વર્ષ ૨૦૨૧-૨૨ (બીજો પ્રયત્ન)**

મુખ્ય અધિકારી, નગરપાલિકા શહેરા દ્વાર સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ પટીયા–૧ આંગણવાડીના કામ માટે રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂા.૭,૮૭,૦૦૬.૦૦ સુધીની છે. ટેન્ડર તા.૦૯/૦૫/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે. તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૧૨/૦૫/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. આ ટેન્ડર અંગેની બીજી શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે.

| (આર.સી. સોલંકી) | (વી.જી. પંચાલ) | (યુ.એન. નાયકા) |
|---|---|---|
| ચીફ ઓફીસર | કારોબારી અદયક્ષ | પ્રમુખ |
| નગરપાલિકા શહેરા | નગરપાલિકા શહેરા | નગરપાલિકા શહેરા |

માહિતી/ગોધરા/૯૧/૨૦૨૨

**ઓન લાઈન ટેન્ડરીંગ**

**માર્ગ અને મકાન વિભાગ**

**જાહેર નિવિદા-૦૬ સને : ૨૦૨૨-૨૩**

**ગુજરાત સરકાર**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સિવિલ લાઈન્સ રોડ, બ્લડ બેંક પાછળ, ગોધરા ૩૮૯૦૦૧ જિ.પંચમહાલ ફોન નં. (૦૨૬૭૨) ૨૪૩૪૨૧ દ્વારા યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવતા ઈજારદારો પાસે અત્રેની કચેરી હસ્તકના બે રસ્તાઓ ઉપર કાયમી બે હોર્ડીંગ્સ લગાવવા ઓન લાઈન ટેન્ડરો, બી–૧ ફોર્મમાં મંગાવવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂા.૧૪.૦૦ લાખની છે પ્રસ્તુત નિવિદામાં સમાવિષ્ટ કાર્યો માટેના ટેન્ડર ડોકયુમેન્ટ વેબસાઈટ https://rnb.nprocure.com પર તા.૯.૫.૨૦૨૨, ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. અને તા.૯.૫.૨૦૨૨, ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન ભરવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજ સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/ગોધરા/૯૨/૨૦૨૨

# મહીસાગર જિલ્લામાં આગઝરતી ગરમીથી નાગરિકો પરેશાન : લગ્નસરાની મૌસમમાં સુરજદેવ આકરા પાણીએ

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં ૪૩ ડિગ્રી સુધી ગરમીનો પારો પહોંચી જતા જિલ્લાવાસીઓ પરસેવે રેબઝેબ થઇ ગયા હતા. આગઝરતી ગરમી અને સૂર્યનો આકરો તાપ જિલ્લાવાસીઓ માટે અસહનીય બન્યો હતો. લગ્નસરાની મૌસમમાં સુરજદેવ આકરા પાણીએ છે ત્યારે નાછૂટકે ખરીદી માટે બહાર નીકળતા લોકો માટે ગરમી મુશ્કેલી સર્જી રહી છે. લગ્નો અને પ્રસંગોના આયોજનમાં ઉનાળાની ગરમી અવ્યવસ્થાનું કારણ બનતી નજરે પડે છે. અનેક વિસ્તારોમાં પાણીની તંગી તકલીફોમાં વધારો કરે છે.

ગરમીની અસરના પગલે ઠંડાપીણા, શેરડી, જ્યુસની લારીઓ પર ભીડ જોવા મળી રહી છે અને બપોરે રોડ, હાઇવે સૂમસામ જોવા મળી રહ્યા છે. અંગ દઝાડતી ગરમીના સૂસવાટા, વરાળ ફેંકતી ઘરની દિવાલો, આગમાં ભટ્ઠીની જેમ તપતા રોડ અને ઘરના ધાબા ઉપરાંત ધાબા પરના ટાંકામાંથી આવતું ગરમ લૂ જેવા પાણીએ ગરમીના પ્રકોપનો અહેસાસ કરાવ્યો હતો. લોકોએ ઘરમાં પુરાઇ રહેવાનું પસંદ કર્યું હતું. સૂમસામ રસ્તાઓ વચ્ચે પવનની શરીર દઝાડતી વરાળે કરફ્યું જેવો માહોલ સર્જી દીધો હતો.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

જેમ દિવસ જાય છે તેમ ગરમીનો પારો એક-બે ડિગ્રી વધી રહ્યો છે. આગામી દિવસોમાં ગરમીનો પારો ચઢવાની સંભાવના છે. ત્યારે લોકોએ ખાસ તકેદારી રાખવાની જરૂરિયાત છે. એપ્રિલ માસમાં મહતમ અને લઘુતમ તાપમાનમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. દિવસ અને રાતના તાપમાનમાં ૧૭ થી ૧૮ ડિગ્રી સુધીનો તફાવત રહ્યો છે. એપ્રિલમાં મોટાભાગના દિવસોમાં ૪૦ ડિગ્રી આસપાસનું તાપમાન રહ્યું છે. ગ્લોબલ વોર્મિંગના કારણે હવામાનમાં મોટાપાયે ફેરફાર જોવા મળી રહ્યા છે. ભારે વરસાદ, ભારે ઠંડી અને ભારે ગરમી પડવી તે ચિંતાનો વિષય બન્યો છે.લુણાવાડા થી શામળાજી નો હાઇવે બન્યો સુમ સામ રસ્તો તસ્વીરમાં નજરે પડે છે.

# મહીસાગર જિલ્લામાં અક્ષય તૃતિયા દરમિયાન કે ગમે ત્યારે બાળલગ્ન કરાવનાર તમામ સામે બાળલગ્ન કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં આગામી તા.૦૩/૫/૨૨ના રોજ વૈશાખ સુદ ત્રીજ અક્ષય તૃતિયા નિમિત્તે કે ગમે ત્યારે યોજાનાર લગ્નોમાં તંત્ર દ્વારા આકસ્મિક તપાસ કરવામાં આવશે. આ તપાસ દરમિયાન છોકરીની ઉંમર ૧૮ અને છોકરાની ઉંમર ૨૧ વર્ષ કરતાં ઓછી હોવાનું માલુમ થશે તો કાયદાકીય રીતે ફરિયાદ દાખલ કરવામાં આવશે જેની જિલ્લાના નાગરિકો તથા સમૂહલગ્નના આયોજકોને ખાસ નોંધ લેવા મહીસાગરના બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

તેમણે વધુમાં આ યાદી દ્વારા સમૂહલગ્ન કરાવનાર આયોજકોને છોકરા-છોકરીઓની ઉંમરની ખરાઇ કર્યા બાદ જ લગ્ન કરાવવાના રહેશે. અન્યથા આવા કિસ્સામાં સમૂહલગ્ન આયોજકો સામે બાળલગ્ન ધારા હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવશે. આ ફરિયાદમાં બાળલગ્ન કરાવનાર, સંચાલન કરનાર, સૂચના આપનાર અથવા મદદગારી કરનાર (બાળકના વાલી અથવા બાળકનો હવાલો ધરાવનાર વ્યકિત, લગ્નવિધિ કરાવનાર (તમામ ધર્મ), લગ્નમાં ભાગ લેનાર ૧૮ વર્ષથી ઉપરની તમામ વ્યકિત, સમૂહલગ્નના આયોજકો, મંડપ ડેકોરેશન, કેટરીંગ, ફોટોગ્રાફર વિગેરે)તેમજ પ્રત્યક્ષ/પચરોક્ષ રીતે લગ્નમાં સહભાગી થનારની સામે આ કાયદા હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવશે. આ કાયદા હેઠળ ગુનો સાબિત થતા બે વર્ષની સખ્ત કેદની સજા અને એક લાખ સુધીના દંડની સજા થઇ શકે છે.



મહીસાગરના બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ આ બાબતે લેખિત/મૌખિક ફરિયાદ જેઓ કરવા માંગતા હોય તેઓને જિલ્લા સેવા સદન મહીસાગર આવેલ બાળલગ્ન અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને કે ૧૦૯૮-ચાઇલ્ડ લાઇન, ૧૮૧-મહિલા હેલ્પ લાઇન અભ્યમ કે ૧૦૦ પોલીસ જેવા નંબર પર પણ સંપર્ક કરી જાણ કરવા જણાવ્યું છે.

# મલેકપુર ખાતે SMVS સંસ્થા દ્વારા સત્સંગ કેન્દ્રનું ઉદઘાટન કરવામાં આવ્યુ

મલેકપુર,
મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મલેકપુર ખાતે SMVS સંસ્થા દ્વારા મલેકપુર ખાતે સત્સંગ હોલ કેન્દ્ર મુર્તી પ્રતિષ્ઠાનુ ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. આમ મહીસાગર જિલ્લાના કડાણા, લુણાવાડા, સંતરામપુર તેમજ અન્ય વિસ્તારોમાં સ્વામી નારાયણ સંપ્રદાયના મોટી સંખ્યાબંધ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે બીજુ બાજુ પુજ્ય સ્વામી બાપુ ના હસ્તે હડમતિયા ગામે થી ભવ્ય શોભાયાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આમ ઘોડા તેમજ બગીની સાથે તેમજ ફટાકડાના મધુર અવાજની સાથે શોભાયાત્રાનુ મલેકપુર તરફ પ્રસ્થાન કરવામાં આવી હતી. આમ આ શોભાયાત્રામા ૧૫૦૦ થી વધુ પણ સ્વામી સંપ્રદાયના ભક્તો પણ ઉપસ્થિત રહ્યા હતા. આમ મલેકપુર ચોકડી પર સર્કલનુ ઉદઘાટન કરી અને બાપજી સર્કલનુ નામકરણ કરવામાં આવ્યુ હતુ. આમ આ શોભાયાત્રા મલેકપુર કોલોની તેમજ પટેલ ફળીયુ. પ્રજાપતિ ફળીયુ, બ્રાહ્મણ ફળીયુ, આમ મલેકપુરના વિવિધ વિસ્તારોમાં ભવ્ય થઈ ભવ્ય અને ભકતોજનોના સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

આમ સ્વામી શ્રી દ્વારા સ્વામીનારાયણ ની ધુન સાથે સત્સંગ હોલ અને મુર્તી પ્રતિષ્ઠાનુ ઉદઘાટન કરવામાં આવ્યો હતુ. જ્યારે સત્સંગ કેન્દ્રના જમીનદાતા ભુલાભાઈ સબુરભાઈ પરીવાર તરફથી સત્સંગ હોલ કેન્દ્ર બનાવા માટે જમીન દાનમાં આપવામાં આવી હતી. જ્યારે હરીભાઈ હેમગભાઈ ઠક્કર દ્વારા બાંધકામ કરવામાં આવ્યુ હતુ. આમ સમગ્ર વાતાવરણ ભક્તિમયથી ગુજી ઉઠયુ હતુ.

આમ સ્વામી શ્રી દ્વારા સ્વામીનારાયણ ની ધુન સાથે સત્સંગ હોલ અને મુર્તી પ્રતિષ્ઠાનુ ઉદઘાટન કરવામાં આવ્યો હતુ. જ્યારે સત્સંગ કેન્દ્રના જમીનદાતા ભુલાભાઈ સબુરભાઈ પરીવાર તરફથી સત્સંગ હોલ કેન્દ્ર બનાવા માટે જમીન દાનમાં આપવામાં આવી હતી. જ્યારે હરીભાઈ હેમગભાઈ ઠક્કર દ્વારા બાંધકામ કરવામાં આવ્યુ હતુ. આમ સમગ્ર વાતાવરણ ભક્તિમયથી ગુજી ઉઠયુ હતુ.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર તાલુકાના મોટા અંબેલા અને કડુચી ગામે તળાવમાં પાણી છોડાયું રાજયકક્ષાના મંત્રી કુબેર ડીંડોર ના વરદ હસ્તે શ્રીફળ વધેરીને પાણી ના વધામણા કરવામાં આવેલા હતા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા સંતરામપુર તાલુકાન ગામોમાં તળાવમાં ભરાતા ખેડૂતોમાં આનંદ છવાયો.**

# શહેરા તાલુકામાં બોગસ ખેડૂતોએ વસાવેલ ખેતીની જમીન શોધી કાઢવા માંગ

શહેરા,
શહેરા માં જમીનો ના ભાવ આસમાને પહોંચતા અમુક બિન ખેડૂત હોવા છતાં ખેતીની જમીન વસાવી હોવાની ચર્ચાઇ રહયુ છે. ત્યારે પ્રાંત અધિકારી દ્વારા આ બાબતે ઊંડાણપૂર્વક તપાસ કરીને બિન ખેડૂત હોવા છતાં ખેતીની જમીન ખેડૂત બનીને વસાવી હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. ત્યારે પ્રાંત અધિકારી સહિત અન્ય સંબંધિત તંત્ર દ્વારા ખેતીની જમીન વસાવી હોય તેવા બોગસ ખેડૂતોને શોધી કાઢીને દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી હતી. હાલની પરિસ્થિતિમાં અનેક લોકો


**શહેરા મા જમીનોના ભાવ આસમાને પહોંચતાં બિન ખેડૂત હોવા છતાં ખેતીની જમીન વસાવી હોય ત્યારે આ બાબતે મામલતદાર સહિત પ્રાંત અધિકારી દ્વારા આ સામે કાર્યવાહી કરવામાં મીઠી નજર રાખતા હોવાની ચર્ચાનો મુદ્દો લોકો મા બન્યો હોય ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા આ બાબતે તપાસ માટેના આદેશ આપે તો ભૂમાફિયાઓ મા ફફડાટ ફેલાય તો નવાઈ નહી.**

જમીન વસાવી હોય તેવા બોગસ ખેડૂતોને શોધી કાઢીને કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી હતી.

શહેરા નગર અને તાલુકામાં વધતી જતી મોંઘવારી વચ્ચે જમીનોના ભાવ પણ હવે લાખ્ખો અને કરોડો રૂપિયામાં બોલાઇ રહયા છે. તાલુકાના વિસ્તારમાં ઘણા બધા લોકો ખેતી લાયક જગ્યા વધુ ખરીદી કરતા જોવા મળી રહયા હતા. નગર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં અમુક બિન ખેડૂત હોવા છતાં ખેતીની ખેતીની જમીન ખરીદી કરવાનું વધુ પસંદ કરતા હોય ત્યારે સ્થાનિક અને જિલ્લાના પ્રશાસન દ્વારા ઉપરોક્ત બાબત ને ગંભીરતાથી લેવામાં આવે તે પણ જરૂરી બન્યુ છે. જે રીતે બિનખેડૂત એ ખેતીની જમીન વસાવી હોય ભલે હાલ ચર્ચાનો મુદ્દો લોકોમાં બન્યો હોય પણ જો સંબંધિત તંત્ર આ બાબતે ઊંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવેતો અમુક બોગસ ખેડૂતોના નામ બહાર આવે તેવી શક્યતા જોવા મળી રહી છે.

# લીમખેડાના પરમારના ખાખરીયા ગામે યુવતિ ભગાડી જવાના મામલે યુવકના પિતાનું અપહરણ કરી હત્યા કરી

દાહોદ,
દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પરમારના ખાખરીયા ગામે એક પિતાના પુત્ર એ લીમખેડા તાલુકા માં રહેતી એક યુવતીને પત્ની તરીકે રાખવા સારૂ લઈ આવ્યો હતો જેની અદાવત રાખી યુવતીના પિતા તેમજ દાહોદ જિલ્લા પંચાયતના મહિલા સભ્ય તથા તેના પતિ જેઓ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ રહી ચુકેલ છે અને અને હાલમાં ખીરખાઇ ગામ ના સરપંચ તરીકે ફરજ બજાવી રહ્યા છે તથા તેમની સાથે કુલ મહિલા સહિત છ જેટલા ઈસમોએ યુવકના પિતા નું અપહરણ કરી બોથડ પદાર્થ વડે માથાના ભાગે તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચાડી મોતને ઘાટ ઉતારી દેતાં પંચક થઈ જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે ત્યારે બીજી તરફ આ હત્યાના કેસમાં જિલ્લા પંચાયતના સભ્ય તથા તેમના પતિનું નામ આરોપીઓની લિસ્ટમાં સામેલ થતાં દાહોદ જિલ્લાના રાજકારણમાં પણ ભૂકંપ સર્જાયો હતો અને તરેહની ચર્ચાઓ એ પણ જોર પકડ્યું હતું.



લીમખેડા તાલુકાના પરમારના ખાખરીયા ગામે રહેતા સુક્રમભાઈ કલાભાઈ નીનામાનો પુત્ર નરેશભાઈ સુક્રમભાઈ નીનામા લીમખેડા તાલુકાના ખીરખાઈ ગામે રહેતા રયલાભાઈ મણિયાભાઈ ડામોરની પુત્રીને પત્ની તરીકે રાખવા સારૂં ભગાડી લઈ ગયો હતો જે બાબતની અદાવત રાખી ખીરખાઈ ગામે રહેતા સરતનભાઈ ઉર્ફે કાંગાભાઈ મગનભાઈ ડામોર, ટીનાબેન સરતન ડામોર, મણિયાભાઈ નારસિંહભાઈ ડામોર, મથુરીબેન મણિયાભાઈ ડામોર, પોપટભાઈ રાજુભાઈ ડામોર અને રયલાભાઈ મણિયાભાઈ ડામોરના ભેગા મળી નરેશભાઈના પિતા સુક્રમભાઈ નું ગત તારીખ ૨૯મી એપ્રિલના રોજ અપહરણ કરી લઈ ગયા હતા અને કોઈ બોથડ પદાર્થ વડે માથાના ભાગે તેમજ શરીરે માર મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ સબંધ નરેશભાઈ સુક્રમભાઈ નીનામા દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે ત્યારે જાણવા મળ્યા અનુસાર આરોપીના નામમાં સામેલ ટીનાબેન જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ફરજ બજાવે છે જ્યારે સરતનભાઈ તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અને હાલમાં ખીરખાઈ ગામ ના સરપંચ તરીકે ફરજ બજાવી રહ્યા છે આમ સમગ્ર મામલે રાજકીય પક્ષોના નામ આરોપીઓમાં સામેલ થતાં દાહોદ જિલ્લા આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે સમગ્ર મામલે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે ત્યારે બનાવ સંદર્ભે સઘળી હકીકતો પોલીસ તપાસમાં બહાર આવે તેમ છે.

# ગરબાડાના ગાંગરડીની વિધર્મી યુવક હિન્દુ યુવતિને ભગાડી જવાના કિસ્સામાં બન્ને ને પોલીસે શોધી કઢયા

દાહોદ,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડી ગામેથી એક વિધર્મી યુવક દ્વારા એક હિન્દુ યુવતીને ભગાડી લઈ ગયાનો મુદ્દો સમગ્ર દાહોદ જિલ્લામાં ટોક ઓફ ધી ટાઉન રહેવા પામ્યો છે અને દાહોદ જિલ્લાના તમામ હિન્દુ સંગઠનો સહિત હિન્દુ સમાજના લોકોએ આ બનાવને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી તંત્રને આવેદનપત્ર આપવાની સાથે સાથે રેલીઓ પણ કાઢવામાં આવી હતી ત્યારે જાણવા મળ્યાં અનુસાર દાહોદ પોલીસ દ્વારા બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી યુવક અને યુવતીને શોધી કાઢી દાહોદ મુકામે લઈ આવ્યાં હતાં અને યુવતીને તેના પરિવારજનોને પણ સોંપી દેવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે આ બાબતની દાહોદ પોલીસે કોઈ સત્તાવાર જાહેરાત ન કરતાં લોકોમાં ભારે આશ્ચર્ય સર્જાયું હતું.

દાહોદ જિલ્લા પોલીસે અલગ અલગ ટીમો બનાવી યુવક-યુવતીને સોંધી કાઢવા ધમપછાડા બાદ આખરે ગતરોજ યુવક-યુવતીને સોંધી કાઢી દાહોદ મુકામે લઈ આવ્યાં હતાં. પોલીસ સ્ટેશનમાં યુવક-યુવતીઓના જવાબો લેવામાં પોલીસે બે દિવસનો સમય વ્યત્તિ કરી નાંખ્યો હતો. પોલીસ તંત્ર દ્વારા કોઈ પ્રકારની માહિતી દાહોદ જિલ્લાના પત્રકારોને પણ ન આપતાં પત્રકાર મિત્રોમાં પણ ભારે નારાજગી વ્યાપી હતી. મોડી રાત્રીથી લઈ વહેલી સવાર સુધી પોલીસની લાંબી કામગીરી ચાલી હતી. યુવક-યુવતીઓના જવાબો લઈ યુવતીને તેના પરિવારજનોને સોંપી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ત્યારે આ મામલે પોલીસે કોઈ સત્તાવાર જાહેરાત ન કરતાં લોકોમાં ભારે આશ્ચર્ય ફેલાયું હતું. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે ગરબાડા સહિત આસપાસના ગામોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો. હવે પોલીસ દ્વારા આ મામલે યુવક વિરૂધ્ધ કેવા પ્રકારની કાર્યવાહી કરશે તે જોવાનું રહ્યું.

# ઝાલોદ બાઈપાસ રોડ પર બે ફોર વ્હિલ ગાડીઓ વચ્ચે અકસ્માત : પોલીસકર્મીનું મોત

દાહોદ,
દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના બાયપાસ રોડ પર બે ફોર વીલર ગાડી વચ્ચે સર્જાયેલા માર્ગ અકસ્માતના બનાવમાં ઝાલોદ પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળેલ છે. જયારે માર્ગ અકસ્માતમાં પોલીસ કર્મીનું મોત નીપજતા પોલીસ બેડામાં શોકની લાગણી છવાઈ જવા પામી.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લાના ઝાલોદ બાયપાસ રોડ પર આજરોજ gj-17-N-8286 નંબરની તુફાન ગાડી તેમજ gj-20-AQ-0801 નંબરની બલેનો ગાડી વચ્ચે માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં બલેનો ગાડીમાં સવાર ઝાલોદ પોલીસ મથકમાં ફરજ બજાવતા મનોજકુમાર માલીવાડને માથાના શરીરના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી.જે બાદ મનોજભાઈ તાબડતોડ ૧૦૮ મારફતે ઝાલોદના ધૂન હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યો હતો જ્યાં તેઓની હાલત ગંભીર જણાતા તેઓને વધુ સારવાર અર્થે દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત નીપજ્યું હતું. આ માર્ગ અકસ્માતના બનાવમાં પોલીસ કર્મીના મોતના પગલે પોલીસ બેડામાં છોકરી લાગણી છવાઈ જવા પામી છે ત્યારે પરિવારમાં પણ માતમ પ્રસરી જવા પામ્યું છે.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

**ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે એક મુસ્લિમ યુવાન હિન્દુ યુવતીને ભગાડી ગયો હતો. ઘટના સંદર્ભે તારીખ ૩૦મી ના રોજ દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ દ્વારા ગાંગરડી ગામે આવી અને સમાજ અને ગ્રામજનોની મુલાકાત લીધી હતી જ્યાં આગેવાનો દ્વારા તેઓને આવેદન આપવામાં આવ્યું હતું તેમજ તે જ દિવસે સમાજના આગેવાનો દ્વારા સ્થાનિક ધારાસભ્યને પણ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું ઘટનાને લઈને સોશિયલ મીડિયા ઉપર પણ અનેક તર્ક-વિતર્ક અને અટકળો ચાલી રહી છે જોકે સત્તાવાર માહિતી પ્રમાણે હાલ કોઈ પતો પાયર મળ્યો ન હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.**

# દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાની આગામી તહેવારો શાંતીપૂર્વક ઉજવણી કરવા અપીલ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણાએ આગામી ૩ મેના રોજ પરશુરામ જયંતિ તેમજ રમઝાન ઈદનો તહેવારની ઉજવણી શાંતિપૂર્વક કરવા સૌને અપીલ કરી છે.

આ સંદર્ભે તેમણે જણાવ્યું કે, અહીંની દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી ખાતે હિંદુ તેમજ મુસ્લિમ આગેવાનોની શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં આગામી ૩ મે ના રોજના તહેવારોને શાંતિ પ્રેમ તેમજ ભાઈચારાથી ઉજવવા માટે હિન્દુ મુસ્લીમ આગેવાનો દ્વારા સર્વ સંમતિ સધાઇ હતી.

તેમણે ઉમેર્યું કે, પોલીસ દ્વારા આ તહેવારોમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને મેસેજ વાયરલ કરીને અશાંતિ ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આવી પ્રવૃત્તી કરનારાઓ વિશે અમને તુરત જાણ કરવી. હિંદુ તેમજ મુસ્લિમ સંગઠનોએ પણ આ બેઠકમાં તહેવારોની શાંતિપૂર્ણ ઉજવણી કરવા માટે હકારાત્મક વલણ દાખવ્યું હતું અને સર્વસંમતિ સધાઈ હતી.

આ બેઠકમાં એ. એસ.પી જગદીશ બાંગરવા, નાયબ પોલીસ અધિક્ષક પરેશ સોલંકી, નાયબ પોલીસ અધિક્ષક હર્ષ બેન્કર, લોકલ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર બી. ડી. શાહ, દાહોદ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર વી.પી. પટેલ સહિતના પોલીસ અધિકારીઓ અને હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આપની આજ.......

મેષ : તમારી ક્ષમતાને પોઝિટિવ તથા મહત્વપૂર્ણ ગતિવિધિઓમાં લગાવો. તમને સફળતા મળશે. વ્યવસાયમાં દૈનિક કાર્ય સરળતાથી પૂર્ણ કરશો. ઘર-પરિવારની જરૂરિયાતનું પણ તમે ધ્યાન રાખશો તથા સુખમય વાતાવરણ જળવાયેલું રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે.

વૃષભ : તમારું સાદગીપૂર્ણ જીવન ઘર તથા બહાર બંને જગ્યાએ વ્યવસ્થા જાળવી રાખશે. રૂપિયા-પૈસાના મામલે સારું બજેટ જાળવી રાખશો. આ સમયે વ્યવસાયને લગતા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેશો નહીં.

મિથુન : પોતાના નજીકના લોકો સાથે મળવાનો અવસર મળી શકે છે. સમય અનુકૂળ છે. થોડા સમયથી ચાલી રહેલી પરેશાનીઓ દૂર થશે. આ સમયે કોઈ પ્રકારની યાત્રા ટાળો તો સારું. વ્યવસાયિક કાર્ય યોજના સફળ થશે.

કર્ક : આજે કોઈ અનુભવી તથા પ્રભાવશાળી વ્યક્તિ સાથે તમારી મુલાકાત થશે જે ઉન્નતિનો નવો માર્ગ પણ ખોલશે. પાર્ટનરશિપને લગતા વ્યવસાય પ્રગતિ કરશે. જીવનસાથી તથા પરિવારના લોકો સાથે આનંદ અને ઉલ્લાસપૂર્ણ સમય પસાર થશે.

સિંહ : તમે તમારા પરિવાર તથા વ્યક્તિગત કાર્યોને પહેલી પ્રાથમિકતા આપો. સુખદ અને આનંદદાયક યાત્રાનો પ્રોગ્રામ બનશે. વ્યવસાયમાં બધા કાર્યો ચોક્કસ સમયે પૂર્ણ થઈ જશે. ઘરનું વાતાવરણ સુખદ અને સુખમય રહેશે.

કન્યા : ધાર્મિક તથા અધ્યાત્મિક ગતિવિધિઓમાં તમારો મોટાભાગનો સમય પસાર થશે. વ્યવસાયમાં થોડા વિઘ્ન આવશે, પરંતુ તમે બુદ્ધિબળ તથા ચતુરાઈથી સમસ્યાનો ઉકેલ શોધી લેશો. ઘરમા સુખ-શાંતિપૂર્ણ વાતાવરણ રહેશે.

તુલા : આજે તમારું પૂર્ણ ફોકસ તમારા ઘર-પરિવાર ઉપર રહેશે. કોઈ અટવાયેલું કામ પૂર્ણ થશે. નાણાકીય સંબંધો મામલે લીધેલું જોખમ ફાયદાકારક સાબિત થશે. વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમારે આકરી મહેનત કરવાની જરૂરિયાત છે.


વૃશ્ચિક : આજે કોઈ મુશ્કેલ કામમાં સફળતા મળવાથી મન પ્રસન્ન રહેશે. યોજનાબદ્ધ રીતે તમારા કાર્યોને ક્રમબદ્ધ કરતા રહો. વ્યવસાયિક ગતિવિધિઓમાં બધા કાર્યો ચોક્કસ સમયે પૂર્ણ થઈ જશે.

ધનુ : તમારી છેલ્લી ભૂલને સુધારીને તમે સુંદર ભવિષ્ય તરફ આગળ વધશો. તમારું ધ્યાન માત્ર તમારા લક્ષ્ય ઉપર કેન્દ્રિત રહેશે. કોઈ વ્યવસાયિક યાત્રાને લગતો પ્રોગ્રામ બનશે જે લાભદાયી રહેશે.

મકર : આજે તમે રોજિંદા કાર્યોથી અલગ પોતાના રસના કાર્યોમાં સમય પસાર કરશો. સંબંધોને વધારે મધુર બનાવવાની કોશિશ તમે કરશો. આજે વ્યવસાયમાં તમને કોઈ મહત્ત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત થવાની છે.

કુંભ : ફાયનાન્સને લગતા કાર્યો વ્યવસ્થિત રીતે પૂર્ણ થઈ જશે. મહેમાનોના સત્કારમાં પણ યોગ્ય સમય પસાર થશે. વ્યાપારિક નવી યોજનાઓને શરૂ કરવાનો યોગ્ય સમય છે. મિત્રો સાથે પારિવારિક ગેટ-ટુ-ગેધર બધાને સુખ રાખશે.

મીન : ગણેશજી કહે છે, ધાર્મિક તથા સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. તમે તમારા વ્યક્તિત્વને નિખારવા માટે તમારી દિનચર્યાને વ્યવસ્થિત રાખશો. પતિ-પત્ની વચ્ચે ઘરની કોઈ સમસ્યાના કારણે તણાવ રહી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે કોઈપણ પ્રકારની બેદરકારી ન કરો.


આઝાદી કા અમૃત મહોત્સવ
ગુજરાત સરકાર
મા નર્મદાથી તૃપ્ત
સફેદ રણથી અલંકૃત
મા અંબાથી આરક્ષિત
સરદારની ઊંચાઈથી સુશોભિત
સાવજોની ડણકથી ગુંજતા
જીવંત ઈતિહાસથી શોભતા
ગુજરાત સ્થાપના દિવસની શુભકામનાઓ
વંદે ગુજરાત

# ગોધરા વિનાયક નગરમાં બંટી-બબલી (દંપતિ) હનીટ્રેપમાં ફસાવી પોલીસ કેસની ધમકી આપી નાણાં પડાવતા પોલીસે રંગે હાથે ઝડપ્યુ

ગોધરા,

ગોધરા શહેરના વિનાયક નગરમાં રહેતા બંટી-બબલી દંપતિએ ફરિયાદીને ઓળખાણ હોવાને લઈ શુક્રવારના રોજ ફોન કરી ઘરે બોલાવ્યા હતા તે સમયે તેના પતિ ઘરમાં હાજર હોઈ તેણે જબરદસ્તીથી બેડ ઉપર તેની પત્નિ સાથે બિભત્સ ફોટાઓ પાડી હનીટ્રેપમાં ફસાવી પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપી હતી. બાદમાં ૧૦ લાખની માંગણી કરી સંબંધિનુ એક્ટિવા લઈ ગયેલ હતા તે પણ લીધુ હતુ અને ૧૦ લાખ આપીને એક્ટિવા લઈ જવાનુ કહેતા ફરિયાદી સામાજિક બદનામીના ડરે ઘરે ચાલ્યા ગયા હતા. અને ચેક લઈ આવતા હોય દરમિયાન પોલીસને ધ્યાને આવતા ફરિયાદી સાથે મળી છટકુ ગોઠવવામાં આવ્યુ હતુ. ભુરાવાવ ચોકડી પાસે ફોર વ્હિલમાં આવી ફરિયાદીને કારમાં બેસાડે તે પહેલા બંટી-બબલી દંપતિને ઝડપી



પાડવામાં આવ્યા હતા આ અંગે પોલીસે ફરિયાદ નોંધી આગળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગોધરા શહેરની એક મહિલાએ પોલીસ મથકમાં આવીને જણાવેલ કે, મારા ઓળખીતા ભાઈ જે મારી એક્ટિવા લઈ ગયા છે અને પરત આપેલ નથી તેવી રજુઆતના આધારે પોલીસે ફરિયાદને પગલે પોલીસ મથકે બોલાવ્યા હતા. ત્યારે ખુલાસો કરવામાં આવ્યો કે ફરિયાદી પાંચ વર્ષ પહેલા આયુર્વેદિક દવાનુ છુટક વેચાણ કરતા હોય તે દરમિયાન ગોધરા વિનાયક નગર (મુળ તરસંગ-શહેરા) આશાબેન ભરવાડ સાથે ઓળખાણ થયેલ હતી અને અવાર નવાર વાતચીત થતી હોય શુક્રવારના રોજ ભોગ બનનાર ફરિયાદી તેમની ભાભી અને ભાણીને ગોધરા દવાખાને આવ્યા હતા ત્યારે આશાબેન બેન ફોન કરીને કામ છે તેમ કહી ઘરે બોલાવતા ફરિયાદી ઓળખીતા બહેનનું એક્ટિવા લઈને આશાબેનના ઘરે ગયા હતા અને ઘરમાં તે વખતે તેના પતિ કનુભાઈ પેથાભાઈ ભરવાડ આવી જતા ફરિયાદીને ધકકો મારીને બેડરૂમમાં લઈ ગયેલ અને ગાળો આપી ખભાના ભાગે બટકુ ભરી બેડ ઉપર પકડી દીધેલ હતા અને પત્નિ આશાબેન ફરિયાદીના કપડા ઉતારાવી અર્ધનગ્ન કરી એકબીજા સાથે સહવાસ કરતા હોય તેવા બિભત્સ ફોટાઓ કનુભાઈ ભરવાડે મોબાઈલથી લીધેલ હતા. અને ભોગ બનનાર ફરિયાદી પાસે કોરો કાગળ ઉપર આશાબેન ઉપર બળજબરીપુર્વક બળાત્કાર કરેલ છે પકડાઈ ગયેલ તેનુ સમાધાન કરેલ છે તેવુ લખાણ લખાવી લીધેલ હતુ. આ સાતિર દંપતિ બંટી-બબલીએ ફરિયાદથી તારે બચવુ હોય તો ૨૦,૦૦,૦૦૦ (વીસ લાખ રૂપિયા)આપ નહિ તો પોલીસ બોલાવીને પકડાવી દઉ છે તેમ કહેતા ફરિયાદી આટલા રૂપિયા નહિ હોવાનુ જણાવતા ચેક અથવા ફોર વ્હિલ ગાડી હોય તે કોઈની પાસે મંગાવી લે ફરિયાદએ મિત્ર નથી બેંકમાં ચેક આપેલ છે તેમ કહેતા કનુ ભરવાડ એકટિવા ઉપર બંધન બેંકમાં કોઈ વધારાનો ચેક ન હોય જેથી પરત ઘરે ફરતી વખતે કનુ ભરવાડે ૧૦,૦૦,૦૦૦(દસ લાખ)ની સગવડ કરી પૈસા આપી એક્ટિવા લઈ જજે તેમ કહી રસ્તામાં ઉતારી દીધેલ હોય ફરિયાદી સામાજિક બદનામીના ડરના કારણે ભાભી અને ભાણીને લઈ ઘરે જતા રહેલ અને ઘરેથી ચેક લઈને ગોધરા આવતા હોય દરમિયાન એકિટવાના માલિક અને ભોગ બનનાર ફરિયાદીના સંબંધિની પોલીસ મથકે રજુઆતના આધારે પોલીસ મથકે બોલાવી એકિટવા બાબતે

- પત્નિ સાથે બળજબરીથી બિભત્સ ફોટો પાડીને પતિ હનીટ્રેપમાં ફસાવી નાણાં પડાવતા.
- કનુ ભરવાડ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોય ત્યારે કોઈ ભોગ બન્યા છે તે તપાસ જરૂરી.

પુછપરછ કરતા ફરિયાદ હનીટ્રેપમાં ફસાયા હોવાનો ખુલાસો થયો હતો. પોલીસ ફરિયાદી સાથે થયેલ ઘટનાથી વાકેફ થઈને આરોપી બંટી-બબલી (દંપતિ)ને ઝડપી પાડવા માટે છટકુ ગોઠવ્યુ હતુ ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટર એન.આર.ચૌધરીએ પોલીસ સ્ટાફની ટીમ બનાવી આરોપીઓને ઝડપી પાડવા છટકુ ગોઠવ્યુ હતુ. બીજા દિવસે ફરિયાદીને આરોપી બંટી-બબલી (દંપતિ)ને ફોન કરી ચેક લેવા માટે કનુભાઈ ભરવાડને ચાર રસ્તાએ બોલાવ્યા હતા. તે સમયે પોલીસ સિવિલ ડ્રેસમાં વોચમાં ગોઠવાઈ હતી. પોલીસની યોજના મુજબ કનુ ભરવાડ અને આશાબેન ભરવાડ ફોર વ્હિલ ગાડીમાં આવ્યા હતા અને કાચ ઉતારીને ફરિયાદીને ગાડીમાં બેસવાનો ઈશારો કરતા સાથે પોલીસ એકશનમાં આવી ઠગ બંટી અને બબલી દંપતિને કનુભાઈ પેથાભાઈ ભરવાડ અને આશાબેન પેથાભાઈ ભરવાડને ઝડપી પાડ્યા હતા. પકડાયેલ બંટી-બબલી દંપતિને પોલીસ મથકે લાવી પુછપરછ અને કનુભાઈ ભરવાડનો મોબાઈલ ચેક કરતા ફરિયાદના જણાવ્યા મુજબ બિભત્સ ફોટાઓ મળી આવ્યા હતા. આ બાબતે પોલીસ મથકે આઈ.પી.સી.૩૮૬, ૩૮૮, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી), મુજબ ગુનો નોંધી ફરિયાદીને હનીટ્રેપમાં ફસાવી પોલીસ કેસ કરવાની ધમકી આપી નાણાં પડાવતી બંટી-બબલી (દંપતિ)ની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે તપાસ દરમિયાન બંટી-બબલી (દંપતિ)નો ભોગ બની આ રીતે નાણાં પડાવી લેવાના ભોગ બન્યા હોય તેવા કિસ્સાઓ ખુલે તેવી શકયતાઓ જણાઈ રહી છે.

## હાલોલ-ગોધરા રોડ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લિમિટેડ

# કંપની અને મેનેજર વિરૂદ્ધ હાલોલ નામદાર કોર્ટના હુકમથી પોલીસ સ્ટેશને છેતરપીંડી અને વિશ્વાસઘાત ફરીયાદ નોંધી

હાલોલ,

હાલોલ નગરના ગોધરા રોડ પર આવેલ શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લિમિટેડ કંપની સહિત મેનેજર દ્વારા કાલોલના લોન ગ્રાહક સાથે વાહનની લોન બાબતે ૧૩૮ની કલમ મુજબનો ખોટો ઉપજાવી કાઢેલ કેસ કરી લોન લેનાર ગ્રાહક સાથે શ્રી રામ ફાયનાન્સ કંપની અને મેનેજરે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાને લઈ હાલોલ નામદાર કોર્ટના હુકમથી હાલોલ ટાઉન પોલીસ મથકે વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદ નોંધવા પામતા ચકચાર મચી જવા પામી છે.




બનાવની મળતી વિગતો પ્રમાણે પંચમહાલ જિલ્લાના કાલોલ નગરના કાનાવાગા જુમ્મા મસ્જિદ પાસે રેહતા કરીમ સાબિર વાઘેલાનાઓની એક ટ્રક અને અન્ય એક વાહનની લોન શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ લિમિટેડ કંપનીમાં ચાલતી હતી જેમાં એક ટ્રકના બે હપ્તા બાઉન્સ થતા શ્રી રામ ફાયનાન્સ કંપની દ્વારા ટ્રક કબજે લઈ હરાજી બોલાવી ટ્રકને ૮ લાખ રૂપિયા માં વેચી દઈ ટ્રકની બાકી પડતી તમામ હપ્તાની બાકી રકમ ૩,૯૬,૭૬૨/- રૂ.જમાં લઈ વધારાની રકમ ૪,૦૩,૨૭૫/- રૂ. શ્રી રામ કંપની ખાતે જમાં રાખવામાં આવ્યા હતા અને જેમાં લોન ગ્રાહક કરીમ વાઘેલાએ પોતાની બીજી અન્ય ગાડીના હપ્તા બાકી હોઈ કંપનીમાં તેઓની જમા રકમ ચાર લાખ ઉપરાંતની જમા લઈ બીજી ગાડીના બાકી રહેલા હપ્તાઓની રકમ જમા લઈ લોન સેટલમેન્ટ કરવા કંપનીમાં રજુઆત કરી હતી જેમાં કરીમ વાઘેલાના કંપનીમાં બાકી જમા ૪ લાખ ઉપરાંતની રકમ બાબતે શ્રી રામ કંપનીના મેનેજરે અધ્ધર તાલ જવાબ આપી બાકીની રોકડ રકમ જમા રાખી કંપનીના મેનેજરે બીજી ગાડીના લોનના હપ્તા બાકી હોવાને લઈ શ્રી રામ ફાયનાન્સ કંપનીએ હાલોલ કોર્ટમાં કરીમ સાબિર વાઘેલા સામે ૧૩૮ની કલમ મુજબ ખોટો ઉપજાવી કાઢેલો કેસ કરી હેરાનગતિ કરી તેઓની ૪ લાખ જેટલી રકમ જમા હોવા છતાં માનસિક રીતે હેરાન કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી.

જેમાં આ બાબતે લોન ગ્રાહક કરીમ વાઘેલાએ બાકીની જમાં રકમ ચાર લાખ અંગે તપાસ કરતા આ રકમ સિસ્ટમ કપાઈ ગઈ છે અમને કશું ખબર નથી તેવો જવાબ મેનેજરે આપી જમાં રકમ હોવા છતાં લોન ગ્રાહક સાથે છેતરપીંડી કરી ખોટો કેસ કરી જેલમાં પુરાવવાની ધમકી આપી શ્રી રામ ફાયનાન્સ ટ્રાન્સપોર્ટ લિમિટેડ કંપની સહિત કંપનીના હાલોલના બ્રાન્ચ મેનેજર લક્ષમિકાન્તે લોન ગ્રાહક કરીમ વાઘેલાના ૪ લાખ રૂપીયાની રકમ હડપી લેવાનું કારસ્તાન કરતા કરીમ વાઘેલાએ હાલોલ ટાઉન પોલીસ મથકે લેખિત અરજી આપી હતી પરંતુ પોલીસે આ બાબતે કોઈ યોગ્ય કાર્યવાહી ન કરતા કરીમ વાઘેલાએ વકીલ મારફતે શ્રી રામ કંપની દ્વારા લોન સેટલ કરી ખોટો કરેલો કેસ પરત ખેંચવા હાલોલ નામદાર કોર્ટમાં દાદ માંગતી અપીલ દાખલ કરી કેસ કરવાની માંગણી કરતા વકીલના પુરાવા અને દલીલોના આધારે નામદાર કોર્ટે સત્યતા જોતા તાત્કાલિક અસરથી હાલોલ નામદાર કોર્ટે શ્રી રામ ફાયનાન્સ ટ્રાન્સપોર્ટ લિમિટેડ કંપની અને હાલોલ બ્રાન્ચ મેનેજર લક્ષ્મીકાંત સામે ફરીયાદ કરવાનો હુકમ કરતાં આ બાબતે હાલોલ ટાઉન પોલીસે શ્રી રામ ફાયનાન્સ અને મેનેજર સામે વિશ્વાસઘાત છેતરપિંડી સહિત કલમો હેઠળ ફરીયાદ નોધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# દાહોદની નોંધ નં.૧૩૦૭૬ની ૫૧ પેજની નોંધની રેવન્યુ વિભાગ તપાસ કરે તો બિનખેડુતો, પ્રિમીયમની ગેરરિતીઓ બહાર આવે

દાહોદ,

દાહોદ આદિવાસીઓની જમીનોની નોંધ નંબર ૧૩૦૭૬-૭૩ એ.એ.વાળી ખુબ જ મોટા પ્રમાણની ૫૧ પેજની છે જે નોંધ બાબતે ખુબ જ મોટા પ્રમાણમાં સરકારશ્રીના નિયમો નેવે મુકી સરકારના પ્રિમિયમની ગેરરિતીઓ કરી દાહોદ તથા ગોધરાના ભુમાફિયાઓ દ્વારા એકબીજા કર્મચારીઓએ રેવન્યુ અધિકારીઓનુ ધ્યાન દોર્યા વગર સરકારને કરોડોનુ નુકસાન પહોંચાડેલ છે. અને નોંધ નં.૧૩૦૭૬ થી કેટલાક ભુમાફિયાઓ બિન ખેડુતો હોવા છતાં આ નોંધથી ખેડુતો બનેલ હોવાના કિસ્સાઓ રેવન્યુ રેકર્ડની નોંધો તપાસ કરતા અને નોંધ મંજુર કરનાર સર્કલ ઓફિસર મુળના ખેડુતો ખાતેદાર છે કેમ તે બાબતે તપાસ મંજુર કરનાર તથા નામંજુર કરનાર અધિકારી સાબિત થાય તેમ છે.

દાહોદ ૭૩ એ.એ.વાળી નોંધ નંબર ૧૩૦ ઘણી લાંબી હોય અને મોટા પ્રમાણમાં પેજ-૫૧ થી ૫૨ પેજની હોય તેમાં ભુમાફિયાઓ દ્વારા ખોટા રેવન્યુ કાયદા મુજબના ખેડુત બિનખેડુતોના દસ્તાવેજ થયેલા હોય અને ભુમાફિયાઓ દ્વારા સરકારની મંજુરી વગર લે-વેચ અને તબદીલ થયેલા વ્યવહારો સામે આવતા હોય તો નોંધ નં-૧૩૦૭૬-૭૩એ.એ.ના તમામ માલિકો દ્વારા ખુબ જ મોટાપ્રમાણમાં કર્મચારીઓ દ્વારા ઉપલા અધિકારીઓનુ ધ્યાન દોર્યા વગર પ્રિમીયમના કાયદાનો સરકારના આદેશોનો ભંગ થતો હોય જેથી નોંધ નં-૧૩૦૭૬-૭૩-એ.એ.વાળી જમીનો સરકાર દ્વારા મુળ આદિવાસી ગરીબ પરિવારોને મળે તેવી માંગો ઉઠવા પામી છે.

નોંધ નં ૧૩૦૭૬ જો મહેસુલ તપાસણી કમિશનર દ્વારા તથા મહેસુલ વિભાગ તરફથી જીણવટ ભરી એક લિસ્ટ સાથે અહેવાલ રજુ દાહોદ જિલ્લા તરફથી કરાવવામાં આવે તો ખુબ જ મોટા પ્રમાણમાં ભુમાફિયાઓ સરકારી કર્મચારીઓ પાસે ગેરરિતીઓ કરી કરાવેલ હકીકતો બહાર આવે તેમ છે. આવી સરકારને મોટા પ્રમાણમાં ફાયદા સાથે ભુમાફિયાઓ બિન ખેડુતો હોવાના કિસ્સા તપાસમાં બહાર આવે તેમ છે.



શહેરા સહિત સમગ્ર જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલય ની પ્રવેશ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. પરીક્ષા કેન્દ્ર ખાતે એક પાટલી પર એકજ પરીક્ષાર્થીએ પરીક્ષા આપી હતી. જ્યારે પરીક્ષા કેન્દ્ર ખાતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

સુમંગલમ ફાઉન્ડેશન સંચાલિત હાથણીમાતા પરિસસ સેવા સમિતિ અને બેકરી શાળા, આણંદ કૃષિ યુનિવર્સીટીના સંયુક્ત ઉપક્રમે સ્થાનિક સંસાધનોની મદદથી રોજગારી મેળવી આત્મનિર્ભર બને તે હેતુથી મહુડાનાં ફૂલની મૂલ્યવાર્ધીત બેકરી વાનગીઓની તાલીમનું આયોજ ઘોઘબા તાલુકાનાં સરસવા ગામે કરવામાં આવ્યું હતું.

# શહેરા વાંટાછોડા ગામે પાનમ પાણી પુરવઠા યોજના ધુળ ખાઇ રહી છે : લાખોનો ખર્ચ છતાં પાણી મળતું નથી

શહેરા,

શહેરા તાલુકા નાં વાંટાવછોડા ગામમા આવેલ પાનમની પાણી પુરવઠાયોજના પાંચ વર્ષ થી ધૂળ ખાઈ રહી છે.પાણી ને લગતી યોજના ગામમાં આવવા છતાં તેનો લાભ આજ દિન સુધી ગામનાં લોકો ને મળ્યો નથી. હાલ ઉનાળા માં પાણી મેળવા માટે અહીના લોકો ને હેન્ડ પંપ અને કુવાનો સહારો છે જ્યારે અમુક હેન્ડ પંપ બંધ હાલત માં હોવાની સાથેકુવાના સ્તરઊંડા જતા પાણીની વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. સરકારી બાબુ ઓની બેદરકારીના કારણે આ યોજના નુંગામ નાં લોકો ને આજદિન સુધી સમખાવા પુરતું પણ પાણી આવ્યું



તસ્વીર : તુષાર દરજી, શહેરા

નથી. ગામ લોકો માટે આ યોજના શોભાના ગાંઠીયા સમાન બની છે. શહેરા તાલુકા નાં વાંટાવછોડાગામમાં પાણીની સમસ્યાથી ગ્રામજનો હેરાન પરેશાન થવા સાથે પાણી ભરવા માટે દૂર સુધી જવું પડતું હોય છે. આ ગામની વસ્તી ૩૫૦૦ ની આસપાસ છે.પાણીમેળવા માટેહેડ પંપ અને કુવા નાં સહારોછે પરંતુ મોટાભાગના હેડ પંપો અને કુવાનાના તળઊંડે ઉતરી જવાને કારણે ગામ લોકો ના પડતામાં પાટુ જેવી સ્થિતિ સર્જાય છે મહિલાઓનેહેડ પંપ ખાતે અનેકુવા પર પાણી ભરવા જવું પડતું હોય છે પશુપાલક અને ખેતી પર નિર્ભર ગામના લોકોની પાણીસમસ્યા દૂર થાય જે માટે સરકાર દ્વારાલાખો ના ખર્ચે પાનમપાણી પુરવઠાયોજના હેઠળ સંપ બનાવામાં આવ્યો હતોઆ યોજના આવવાથી ગામ નાં લોકો ને પાણી મળશે તેની જગ્યા એ આ યોજના અહી નિષ્ફળ જતા સરકાર નો લાખો રૂપિયા નો ખર્ચ માથે પડ્યો છે. આ યોજના પાંચ કરતાં વધુ વર્ષથી હોવા છતાં આ યોજનાનું પાણી ગ્રામજનોને મળી શક્યું નથી.ગામ નાં જાગૃત નાગરિક દ્વારા પણ અનેક રજૂઆત જવાબદાર તંત્ર ને કર્યા બાદ પણ આ પાણી યોજના ની કોઈ જ કામગીરી કરવામાં આવતી નથીસરકારી બાબુઓ ની બેદરકારી ને કારણે આ પાનમ પાણી પુરવઠાયોજના નો લાભ ગ્રામવાસી ઓને આજ દિન સુધી મળી શક્યો નથીઅહીના લોકો માટે આ યોજના શોભાના ગાંઠીયા સમાન બની ગઈ છે. જ્યારે સરકારદ્વારા છેવાડાના ગામડાઓ સુધી સરકારી યોજનાઓ પહોચાડવાંના દાવાઓ કરવામાં આવે છે તો બીજી તરફ સરકારનાજ બાબુઓ ની બેદરકારીને પગલે ઘર આંગણે સરકારી યોજના નો લાભ મેળવવાથી ગામલોકો વંચિત જણાઈ રહ્યા છેસરકારી પાણી પુરવઠાની યોજનાઓ કેટલી સાર્થક પુરવાર થઈ રહી છે જેઆ ગામની વિકટ સમસ્યાથી ખબર પડી જાય છે અનેક ગામો માં પાણી નાં પુકારો ઉઠવા છતાં જીલ્લા નાં તંત્ર નાં અધિકારી ઓ નું પેટ નું પાણી પણ હલતું નથી તાલુકા માંપાણી સમસ્યા હોવા છતાં કોઈ રાજકીયનેતા કે તંત્ર નાં જવાબદાર અધિકારી પણ ગામો ની મુલાકાત લેવા માટે પણ વિચારતા નથી.

વાંટાવછોડા ગામમાં પાણી સમસ્યા ગ્રામજનો માટે એક પ્રશ્ન બની ગયો છે. ગામપાનમ પાણી પુરવઠા યોજના પાછળસરકાર એ કરેલ લાખો રૂપિયા નો ખર્ચ કરવા છતાં ગ્રામજનો ને પાણી મળી શક્યું નથી આ સંપ ધૂળ ખાઈ રહયો હોવાનું જવાબદાર તંત્ર જાણતું હોવા છતાં ગામલોકો ને પાણી મળે તેમાટે આજદિન સુધી વિચાર્યું નથી સરકારી બાબુ ઓ ની બેદરકારી કે પછી આળસ નાંકારણે આ યોજના અહી અમલવારી થઈ શકી નથી તાલુકા માં આવી અનેક પાણી ને લગતી યોજના ઓ કેટલી સાર્થક હશે તે આ દેખતા જ ખબર પડી જાય છેઅધિકારી ઓ કચેરી ની ઓફીસ માં બેસી ને માત્ર વાતો કરવાની જગ્યા એ જો પાણી યોજના કેટલી શરૂ છે અને કેટલી બંધ છે તેની તપાસ કરી વર્ષ દરમિયાન કામગીરી કરી હોય તોં અનેક ગામ નાં લોકો ને ઉનાળા માં પાણી માટે વલખા ન મારવા પડતા હાલ પાણી સમસ્યા ને લઈને લોકોનો આક્રોશ પણ જોવા મળેતો નવાઈ જ નહી.

તાલુકાના ગ્રામિણ વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે ઘરે ઘરે પાણી પહોંચાડવાની નલ સે જલ યોજના ની કામગીરી તો ચાલી રહી છે.જે રીતે તાલુકાના ગ્રામિણ વિસ્તારમાં પાણી પુરવઠાની યોજનાઓ ધૂળ ખાતી હોય ત્યારે આ યોજના પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરેલ માથે પડ્યો હોય તેમ કહીએ તો નવાઈ નહિ ત્યારે નલ સે જલ યોજના જે પાણીની યોજના એ કેટલી સાર્થક જશે તેના સામે પણ અનેક સવાલો હાલ લોકોમાંથી ઉઠ્યા છે.

પાનમનીપાણી પુરવઠા યોજના નો લાભગ્રામજનોનેનહી મળ્યો હોવાનું સ્થાનિક ગ્રામજનો પાસેથી જાણવા મળેલ છે. લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ સંપ પણ ધૂળ ખાઈ રહયો છે ઉનાળા માં અહી નાલોકો ને પાણી માટે બહુજ તકલીફ પડે છે ગ્રામજનો પાણી ગમેતેમ રીતે ભરી લાવે છે. પાનમ પાણી પુરવઠા યોજના જો શરૂ થાય તો ગામ નાં લોકો ને પાણી ની તકલીફ માંથી છુટકારો મળી શકે તેમ છે.

# હાલોલ અરાદ ગામે આપ પાર્ટીના ઈશુદાન ગઢવીની હાજરીમાં જન સંવાદ કાર્યક્રમ યોજાયો

હાલોલ,

હાલોલ અરાદ ગામે આમ આદમી પાર્ટી દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓને અનુલક્ષીને હાલોલ વિધાનસભા મત વિસ્તારનો જન સવાંદ કાર્યક્રમ આમ આદમી પાર્ટીના ગુજરાતના કદાવર નેતા ઈશુદાન ગઢવીએ હાજરી આપી મોટી સંખ્યામાં હાજર જાહેર જનતા સાથે સંવાદ યોજ્યો હતો.

હાલોલ તાલુકાના અરાદ ગામે આવેલ બસસ્ટેન્ડ પાસે શનિવારના રોજ સાંજના સુમારે આમ આદમી પાર્ટી દ્વારા હાલોલ વિધાનસભા મતવિસ્તારમાં આવતી હાલોલ, ઘોઘંબા અને જાંબુઘોડાની જનતા સાથે સવાંદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે આમ આદમી પાર્ટીના ગુજરાતના કદાવર નેતા ઈશુદાન ગઢવીએ હાજરી આપી હતી અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હાલોલ વિધાનસભા મતવિસ્તારની જનતાના સાથે સંવાદ યોજ્યો હતો જેમાં ઈશુદાન ગઢવીએ ગુજરાતની ભાજપા સરકાર પર આકરા પ્રહારો કરી તેઓની તમામ ક્ષેત્રે આચરવામાં આવેલ ગેરરીતિઓ અને નિષ્ફળતાઓને જનતા સક્ષમ ઉજાગર કરી ભાજપા ગુજરાતમાં આમ આદમી પાર્ટીથી ડરી ગઈ હોઈ વિધાનસભાની ચૂંટણી વહેલી યોજી રહી હોવાનો અને નો છ મહિના પહેલા વિધાનસભાના પુરા થતા કાર્યકાળ પેહલા ભાજપા દ્વારા ચૂંટણી યોજાશે તો ભાજપા ૬ મહિના વહેલી ઘરે બેસી જશે તેવો હુંકાર કર્યો હતો જ્યારે ઈશુદાન



ગઢવીએ કોંગ્રેસને પણ આડે હાથે લઈ કોંગ્રેસ પર પણ આકરા પ્રહારો કર્યા હતા અને ગુજરાત યોજાનાર આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીને એક મોકો આપવા માટે જાહેર જનતાને આહવાન કર્યું હતું.

આ પ્રસંગે પંચમહાલ જિલ્લાના આમ આદમી પાર્ટીના પ્રમુખ રણજીતસિંહ ચૌહાણ, ગુજરાત પ્રદેશ યુવા સંગઠન મંત્રી ભરતભાઈ રાઠવા, મહામંત્રી મુક્તિ જાદવ, હાલોલ તાલુકા પ્રમુખ વિશાલ જાદવ સહિત મોટી સંખ્યામાં આપના જિલ્લા અને હાલોલ જાંબુઘોડા તાલુકાના હોદેદારો કાર્યકરો હાજર રહ્યા મોટી સંખ્યામાં ગ્રામીણ વિસ્તારની પ્રજા હાજર રહી હતી.

હાલોલ તાલુકાના અરાદ ગામે ઈશુદાન ગઢવી ની હાજરી માં યોજાયેલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામીણ વિસ્તારની પ્રજા હાજર રહી હતી જેમાં જાંબુઘોડા હાલોલ ઘોઘંબાના કેટલાક યુવાનો સહિત અગ્રણીઓ ભાજપ અને કોંગ્રેસનો સાથ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા જેમાં જન સંવાદ કાર્યક્રમ દરમ્યાન આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા લોકોનું ઈશુદાન ગઢવી સહિત જિલ્લા અને તાલુકાના આમ આદમી પાર્ટીના હોદ્દેદારોના હસ્તે પાર્ટીની ટોપી અને ખેસ પહેરી પાર્ટીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.211